

# University Placement & Counselling Cell, DSW, NAU, Navsari

NAVSARI AGRICULTURAL UNIVERSITY

CELEBRATE Success!

## Placement Report – 2025

**Academic Year: 2024-25** | **Financial Year: 2025-26** | **Placement Year: 2025**

**Total No. of Placement Interviews Organized: 115** *(Highest Ever)*

**1st Placement Interview on: 31st October, 2024** | **Last Placement Interview on: 3rd September, 2025**

*(Long Placement Season of nearly 11 Months)*

**Placement Leaflets/Flyers Prepared: 54** | **Counselling-Training Leaflets/Flyers Prepared: 23** *(Highest Ever)*

| College | No. of Pass Out Students who actually participated in Placement Process | Placement Orientation | $C_2C$ Training | Placement Brochure | No. of Students secured PLACEMENT: Male | | | | | Female | | | | | TOTAL | Pay Package: Min. Salary LPA in INR | Max. Salary LPA in INR | Average Salary LPA in INR | Median Salary LPA in INR |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | SC | ST | OBC SEBC | GEN EWS | Total | SC | ST | OBC SEBC | GEN EWS | Total | | | | | |
| NMCA | *Ph. D.(Agri.)* – 16 out of 42 | ✓ | ✓ | YES | 2 | 1 | 2 | 3 | 08 | 1 | 2 | 4 | 1 | 08 | 16 | 519000 | 1200000 | 754800 | 519000 |
| | *M. Sc.(Agri.)* – 19 out of 102 | | | | 1 | - | 6 | 4 | 11 | - | - | 3 | 5 | 08 | 19 | 425000 | 650000 | 537500 | 650000 |
| | *B. Sc.(Agri.)* – 17 out of 124 | | | | 2 | - | 8 | 5 | 15 | 1 | - | - | 1 | 02 | 17 | 400000 | 400000 | 400000 | 400000 |
| ACoH | *Ph. D.(Horti.)* – 07 out of 07 | ✓ | ✓ | YES | - | 1 | 2 | 3 | 06 | - | 1 | - | - | 01 | 07 | 600000 | 1140000 | 870000 | 870000 |
| | *M. Sc.(Horti.)* – 24 out of 37 | | | | 1 | 2 | 8 | 5 | 16 | 1 | 1 | 4 | 2 | 08 | 24 | 300000 | 840000 | 421457 | 372000 |
| | *B. Sc.(Horti.)* – 34 out of 67 | | | | 2 | 2 | 5 | 9 | 18 | 2 | 2 | 7 | 5 | 16 | 34 | 132000 | 300000 | 248000 | 240000 |
| CoF | *M. Sc.(Forestry)* – 00 out of 15 | ✗ | ✓ | YES | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | *B. Sc.(Forestry)* – 03 out of 40 | | | | - | - | 2 | 1 | 03 | - | - | - | - | - | 03 | 285000 | 285000 | 285000 | 285000 |
| AABMI | *MBA(ABM)* – 31 out of 35 | ✓ | ✓ | YES | 1 | 1 | 11 | 12 | 25 | 2 | 1 | 1 | 2 | 06 | 31 | 250000 | 750000 | 423550 | 420000 |
| CoA-B | *M. Sc.(Agri.)* – 15 out of 17 | ✗ | ✓ | ✗ | - | - | 1 | 2 | 03 | - | - | - | - | - | 03 | 240000 | 691950 | 390650 | 240000 |
| | *B. Sc.(Agri.)* – 38 out of 63 | | | | - | - | 5 | 9 | 14 | 1 | - | - | 1 | 02 | 16 | 240000 | 505395 | 291395 | 240000 |
| CoA-W | *B. Sc.(Agri.)* – 13 out of 58 | ✓ | ✓ | ✗ | 2 | - | 4 | 6 | 12 | - | - | - | 1 | 01 | 13 | 180000 | 505395 | 324522 | 300000 |
| ASBI-S | *B. Tech.(Biotech.)*-05 out of 28 | ✓ | ✓ | ✗ | - | - | 2 | 2 | 04 | - | - | 1 | - | 01 | 05 | 114000 | 412020 | 221604 | 180000 |
| CAET-D | *B. Tech.(Agril. Eng)*-08 out of 20 | ✗ | ✓ | ✗ | - | 1 | 6 | 1 | 08 | - | - | - | - | - | 08 | 180000 | 360000 | 241143 | 216000 |
| PIA-V | *Diploma Agri.* – 05 out of 35 | ✗ | ✗ | ✗ | 1 | - | 3 | 1 | 05 | - | - | - | - | - | 05 | 180000 | 300000 | 248000 | 244000 |
| PIA-B | *Diploma Agri.* – 00 out of 41 | ✗ | ✓ | ✗ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| PIA-W | *Diploma Agri.* – 05 out of 25 | ✓ | ✓ | ✗ | 1 | - | 1 | 1 | 03 | - | - | - | 2 | 02 | 05 | 216000 | 403800 | 280760 | 258000 |
| PIH-N | *Diploma Horti.* – 03 out of 35 | ✗ | ✓ | ✗ | - | - | 1 | 2 | 03 | - | - | - | - | - | 03 | 144000 | 144000 | 144000 | 144000 |
| PIH-P | *Diploma Horti.* – 08 out of 36 | ✓ | ✓ | ✗ | 1 | - | 6 | 1 | 08 | - | - | - | - | - | 08 | 180000 | 250000 | 228750 | 230000 |
| PAE-D | *Diploma Agril. Eng.*-03 out of 16 | ✗ | ✓ | ✗ | - | 1 | - | 2 | 03 | - | - | - | - | - | 03 | 180000 | 180000 | 180000 | 180000 |
| **TOTAL No. of Students PLACED** | | | | | 14 | 9 | 73 | 69 | 165 | 8 | 7 | 20 | 20 | 55 | 220 | | | | |

# Quick Snapshot of Placement Report-2025

**No. of Students Interested & Opted for Placement**

**254/843 (30.13%)**

**No. of Students PLACED out of the Interested Ones**

**220/254 (86.61%)**

**Total 220**

***(165 Male & 55 Female)***

**Students Secured Jobs**

| PG:100 | | UG:96 | | Diploma:24 | |
|---|---|---|---|---|---|
| M | F | M | F | M | F |
| 69 | 31 | 74 | 22 | 22 | 02 |


**Prof. (Dr.) Mehul G. Thakkar (MGT)**
*Professor & Head in HRM & TPO-Counselling Officer @ AABMI*
*University Placement & Counselling Head @ NAU*
E-mail: mehulgthakkar@nau.in, getmgt@gmail.com
Contact No.: 02637-282960 (O), 9427163205 (M)


**Highest Ever 115**
**Placement Interviews in 2025**

**Highest Ever Pay**
**of 12 LPA to Placed Students in 2025**


**Prof. Jaimin R. Naik**
*Director of Students' Welfare &*
*Chairman of University Placement & Counselling Cell @ NAU*
E-mail: dswnavsari@nau.in, dswnavsari@gmail.com
Contact No.: 02637-292112 (O), 9979888962 (M)


*RIGHT People at the RIGHT Places at the RIGHT Time to do the RIGHT Things & Delivering the RIGHT (BEST) Performance!!!*


















# જોબ પ્લેસમેન્ટ પ્રોસેસ-૨૦૨૫માં કૃષિ યુનિવર્સિટીમાં થયો નોકરીઓનો વરસાદ

**૧૧૫ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૪૦૩૪ જેટલી નોકરીની તકો સાથે ૮૬.૬૧ ટકા વિદ્યાર્થીઓને ઘરઆંગણેથી મળી ડ્રીમ-જોબ,ડીપ્લોમા વિદ્યાર્થીને ૪ લાખથી વધુનું અને પોસ્ટ ગ્રેજ્યુએટને ૧૬ લાખ સુધી જતું સર્વોચ્ચ પેકેજ થયું ઓફર**







(બદલતા ભારત દૈનિક) સ્પર્ધાત્મક યુગમાં કોઈપણ સંસ્થામાં પ્રવેશ મેળવતા પહેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ સંસ્થાના પ્લેસમેન્ટ સેલ, પ્લેસમેન્ટ હેડની લાયકાત અને અનુભવ, પ્લેસમેન્ટ રેકોર્ડ જેવી બાબતો ચકાસીને પ્રવેશ મેળવતા થયા છે. ત્યારે નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જોબ પ્લેસમેન્ટ પ્રોસેસ-૨૦૨૫ માં નોકરીઓનો જાણે કે વરસાદ થયો હતો. જેમાં યુનિવર્સિટી પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીગ સેલ દ્વારા અગાઉના ૧૨ વર્ષોના રેકોર્ડ તોડીને સર્વોચ્ચ ૧૧૫ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૧૬ લાખ સુધી જતા સર્વોચ્ચ પગાર સાથે ૪૦૩૪ જેટલી નોકરીની તકો ઉપલબ્ધ કરાવાઈ હતી. સૌથી પ્રભાવી ડાયરેક્ટર ઓફ રીસર્ચ એન્ડ ડીન ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ તરીકેના પોતાના યશસ્વી કાર્યકાળ દરમ્યાન; ભારત સરકાર અને વર્લ્ડ બેન્કના સહયોગથી આઈસીએઆર, નવી દિલ્હીની દેખરેખ હેઠળ કાર્યરત પંચવર્ષીય નેશનલ એગ્રીકલ્ચરલ હાયર એજ્યુકેશન પ્રોજેક્ટ - નાહેપ યોજનામાં ઉત્કૃષ્ઠ કામગીરીથી યુનિવર્સિટીને રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય સ્થાન પર લઈ જનાર એવા હાલના કુલપતિશ્રી ડો. તીમુર આર. અહલાવતના પ્રોફેશનલ અભિગમ અને સચોટ દિશાસૂચન તથા વાઈબ્રન્ટ વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી પ્રોફેસર જયમીન આર. નાયકના સીધા માર્ગદર્શન હેઠળ, યુનિવર્સિટીના પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીગ હેડ એવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ટ્રેનર ડો. મેહુલ જી. ઠક્કરના સંનિષ્ઠ પ્રયાસોથી યુનિવર્સિટી કેમ્પસ પ્લેસમેન્ટ બાબતે અગ્રેસર રહી છે.

આ વર્ષે ટાટા રેલીસ, ધ્ક્ષક્ષઅ, રીલાયન્સ, મેરીલ લાઈફ, માઈક્રો ક્રીસ્પર, આઈપીએલ બાયોલોજીકલ્સ, સુમીન્ટર ઈન્ડિયા ઓર્ગેનીક્સ, ગોદરેજ, નિરમા, ટોરેન્ટ પાવર, જૈન ઈરીગેશન, મહાય્કો, એગ્રોસ્ટાર, ફેડરલ બેંક, ૐહ્ક્ષઅ, ૐૐ સહીત રેકોર્ડબ્રેક ૧૧૫ કેમ્પસ ઈન્ટરવ્યુમાં એપ્ટીટ્યુડ ટેસ્ટ, ગ્રુપ ડિસ્કશન, ગ્રુપ પ્રોજેક્ટ એક્ટીવીટી, પર્સનાલીટી ટેસ્ટીગ, સાઈકોલોજીકલ એસેસમેન્ટ, ઈ-મેઈલ રાઈટીગ, ટેકનીકલ ઈન્ટરવ્યુ અને એચ.આર. ઈન્ટરવ્યુ જેવા કડક માપદંડો વાળી સીલેક્શન પ્રોસેસ બાદ ૨૨૦ વિદ્યાર્થીઓને ફાઈનલ જોબ અપાતા; પ્લેસમેન્ટમાં રસ ધરાવતા ૮૬.૬૧ ટકા વિદ્યાર્થીઓને ઘરઆંગણેથી ડ્રીમ-જોબ મળી હતી. જેમાં ૨૪ ડીપ્લોમાને ૪,૦૩૮૦૦/- લાખના સર્વોચ્ચ પગાર સાથે, ૯૬ ગ્રેજ્યુએટસને ૫,૦૫૩૯૫/- લાખના સર્વોચ્ચ પગાર સાથે, ૭૭ પોસ્ટ ગ્રેજ્યુએટસને ૧૬ લાખ સુધી જતા સર્વોચ્ચ પગાર સાથે અને ૨૩ પીએચ. ડી. વિદ્યાર્થીઓને ૧૨ લાખના સર્વોચ્ચ પગાર સાથે જોબ મળી છે. પ્લેસમેન્ટના પરિણામોમાં, ડીપ્લોમા કક્ષાએ સતત ત્રીજા વર્ષે હોર્ટીકલ્ચર પોલીટેકનીક પરીયા, ગ્રેજ્યુએટ કક્ષાએ નવસારીની હોર્ટીકલ્ચર કોલેજ સાથે વઘઈની એગ્રીકલ્ચર કોલેજ, પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ સતત પાંચમાં વર્ષે ૧૦૦ ટકા પ્લેસમેન્ટ સાથે એબીએમ કોલેજ; જયારે પીએચ. ડી. કક્ષાએ નવસારીની એગ્રીકલ્ચર કોલેજનો દબદબો જોવા મળ્યો છે.

યુનિવર્સિટીના પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીગ હેડ તરીકે ૨૦૧૨ થી ટ્રેનીગ, પ્રોફેશનલ ગ્રુમીગ, કાઉન્સેલીગ તથા ૯૦૦ થી વધુ કેમ્પસ ઈન્ટરવ્યુના આયોજન થકી ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને નોકરી અપાવવાની સફળ કામગીરી કરી રહેલ ડો. મેહુલ જી. ઠક્કરે વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટનો શ્રેય યુનિવર્સિટી ખાતે અપાતા ગુણવત્તાસભર શિક્ષણને આપ્યો હતો. આ સેલના માર્ગદર્શક વડા એવા ડાયનેમીક ડાયરેક્ટર ઓફ સ્ટુડન્ટ વેલ્ફેર પ્રોફેસર જયમીન આર. નાયકે જણાવ્યું હતું કે ગુજરાત સ્ટેટ ઈન્સ્ટીટયુશનલ રેન્કીગ ફ્રેમવર્કમાં યુનિવર્સિટીએ મેળવેલા "ફાઈવસ્ટાર રેટીગ" માં પણ "ગ્રેજ્યુએશન આઉટકમ એટલેકે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓના જોબ પ્લેસમેન્ટ અને ઉચ્ચઅભ્યાસ" પેરામીટરમાં ૧૦૦ માંથી ૮૭.૯૫ નું સર્વોચ્ચ રેટીગ આ સેલની સફળતાનો બોલતો પુરાવો છે.

કુલપતિશ્રી ડો. તીમુર આર. અહલાવતે 24*7*365 અભિગમ સાથે વિદ્યાર્થીઓના હિતાર્થે સદૈવ કાર્યરત વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી પ્રોફેસર જયમીન આર. નાયક તથા ઈન-હાઉસ ટ્રેનર ડો. મેહુલ જી. ઠક્કરના પ્રયાસોની નોંધ લેતા જણાવ્યું હતું કે નેશનલી એક્રેડીટેડ કોલેજોના તજજ્ઞ અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી જ્ઞાન અને કૌશલ્યોમાં પાવરધા બનાવવા સાથે, સમગ્ર દેશમાં બેજોડ "ઈન્ટીગ્રેટેડ પ્લેસમેન્ટ સીસ્ટમ" વિકસાવીને તેઓના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ માટે કરાતા પ્રયત્નોના ફળ સ્વરૂપે પ્લેસમેન્ટનો ગ્રાફ ઉંચો જઈ રહ્યો છે. પ્લેસમેન્ટ પ્રેફરન્સ ફોર્મ, સૌથી જરૂરી "કોર્પોરેટ કમ્પેટીબીલીટી એન્ડ એમ્પ્લોયેબીલીટી સ્કીલ્સ" વિકસાવવા માટે પાવરફુલ પ્રી-પ્લેસમેન્ટ પ્રીપેરેટરી ટ્રેનીગ ઓન કેમ્પસ ટુ કોર્પોરેટ, રેગ્યુલર સોફ્ટ સ્કીલ્સ ડેવલોપમેન્ટ ટ્રેનીગ, ફોર્મલ પ્લેસમેન્ટ પોલીસી-પ્લેસમેન્ટ આચારસંહિતા, પ્લેસમેન્ટ બ્રોશર પબ્લિકેશનમાં "ફર્સ્ટ મુવર એડવાન્ટેજ", પ્રોફેશનલી ડીઝાઈન્ડ પ્લેસમેન્ટ ફ્લાયર્સ અને પરિણામલક્ષી કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન એમ ડો. મેહુલ જી. ઠક્કરે ડીઝાઈન કરેલ "સુપર સેવન ફોર્સીસ" થકી કેમ્પસ પ્લેસમેન્ટમાં પ્રોત્સાહક પરિણામો મળ્યાનું જણાવીને તેઓની સમર્પિત સેવાઓને બિરદાવી હતી. યુનિવર્સિટી ખાતે છેલ્લા ૧૩ વર્ષથી પ્રોફેશનલ ઢબે કેન્દ્રીય ધોરણે આયોજીત કરાતી પ્લેસમેન્ટ પ્રોસેસમાં ઉત્તરોઉત્તર પ્રોત્સાહક પરિણામો મળવાથી વિદ્યાર્થી આલમ ઉત્સાહિત છે.

# જોબ પ્લેસમેન્ટ પ્રોસેસ-૨૦૨૫માં કૃષિ યુનિવર્સિટીમાં થયો નોકરીઓનો વરસાદ



## ૧૧૫ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૪૦૩૪ જેટલી નોકરીની તકો સાથે ૮૬.૬૧ ટકા વિદ્યાર્થીઓને ઘરઆંગણેથી મળી ડ્રીમ-જોબ

**ન્યાયદર્શન.વાંસદા,**

સ્પર્ધાત્મક યુગમાં કોઈપણ સંસ્થામાં પ્રવેશ મેળવતા પહેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ સંસ્થાના પ્લેસમેન્ટ સેલ, પ્લેસમેન્ટ હેડની લાયકાત અને અનુભવ, પ્લેસમેન્ટ રેકોર્ડ જેવી બાબતો ચકાસીને પ્રવેશ મેળવતા થયા છે. ત્યારેનવસારી કૃષિ યુનિવર્સિટીમાં જોબ પ્લેસમેન્ટ પ્રોસેસ-૨૦૨૫ માં નોકરીઓનો જાણે કે વરસાદ થયો હતો. જેમાંયુનિવર્સિટી પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીંગ સેલ દ્વારા અગાઉના ૧૨ વર્ષોના રેકોર્ડ તોડીને સર્વોચ્ચ ૧૧૫ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૧૬ લાખ સુધી જતા સર્વોચ્ચ પગાર સાથે ૪૦૩૪ જેટલી નોકરીની તકો ઉપલબ્ધ કરાવાઈ હતી. સૌથી પ્રભાવી ડાયરેક્ટર ઓફ રીસર્ચ એન્ડ ડીન ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ તરીકેના પોતાના યશસ્વી કાર્યકાળ દરમ્યાન; ભારત સરકાર અને વર્લ્ડ બેન્કના સહયોગથી આઈસીએઆર, નવી દિલ્હીની દેખરેખ હેઠળ કાર્યરત પંચવર્ષીય નેશનલ એગ્રીકલ્ચરલ હાયર એજ્યુકેશન પ્રોજેક્ટ - નાહેપ યોજનામાં ઉત્કૃષ્ઠ કામગીરીથીયુનિવર્સિટીને રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય સ્થાન પર લઈ જનાર એવા હાલના કુલપતિશ્રી ડો. તીમુર આર. અહલાવતના પ્રોફેશનલ અભિગમ અને સચોટ દિશાસૂચન તથા વાઈબ્રન્ટ વિદ્યાર્થી કલ્યાણ નિયામક પ્રોફેસર જયમીન આર.નાયકના સીધા માર્ગદર્શન હેઠળ, યુનિવર્સિટીના પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીંગ હેડ એવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ટ્રેનર ડો. મેહુલ જી. ઠક્કરના સંનિષ્ઠ પ્રયાસોથી યુનિવર્સિટી કેમ્પસ પ્લેસમેન્ટ બાબતે અગ્રેસર રહી છે.

આ વર્ષે ટાટા રેલીસ, ય્દ્ભઝ, રીલાયન્સ, મેરીલ લાઈફ, માઈક્રો ક્રીસ્પર, આઈપીએલ બાયોલોજીકલ્સ,સુમીન્ટર ઈન્ડિયા ઓર્ગેનીક્સ, ગોદરેજ, નિરમા, ટોરેન્ટ પાવર, જૈન ઈરીગેશન, મહાય્કો, એગ્રોસ્ટાર, ફેડરલ બેંક, ૐઠ્ઢભઝ,"ૈંૈં સહીત રેકોર્ડબ્રેક ૧૧૫ કેમ્પસ ઈન્ટરવ્યુમાં એપ્ટીટ્યુડ ટેસ્ટ, ગ્રુપ ડિસ્કશન, ગ્રુપ પ્રોજેક્ટ એક્ટીવીટી, પર્સનાલીટી ટેસ્ટીગ, સાઈકોલોજીકલ એસેસમેન્ટ, ઈ-મેઈલ રાઈટીંગ, ટેકનીકલ ઈન્ટરવ્યુ અને એચ.આર. ઈન્ટરવ્યુ જેવા કડક માપદંડો વાળી સીલેકશન પ્રોસેસ બાદ ૨૨૦ વિદ્યાર્થીઓને ફાઈનલ જોબ અપાતા; પ્લેસમેન્ટમાં રસ ધરાવતા ૮૬.૬૧ ટકા વિદ્યાર્થીઓને ઘરઆંગણેથી ડ્રીમ-જોબ મળી હતી. જેમાં ૨૪ ડીપ્લોમાને ૪,૦૩૮૦૦/- લાખના સર્વોચ્ચ પગાર સાથે, ૯૬ ગ્રેજ્યુએટસને ૫,૦૫૩૯૫/- લાખના સર્વોચ્ચ પગાર સાથે, ૭૭ પોસ્ટ ગ્રેજ્યુએટસને ૧૬ લાખ સુધી જતા સર્વોચ્ચ પગાર સાથે અને ૨૩ પીએચ. ડી. વિદ્યાર્થીઓને ૧૨ લાખના સર્વોચ્ચ પગાર સાથે જોબ મળી છે. પ્લેસમેન્ટના પરિણામોમાં, ડીપ્લોમા કક્ષાએ સતત ત્રીજા વર્ષે હોર્ટીકલ્ચર પોલીટેકનીક પરીયા, ગ્રેજ્યુએટ કક્ષાએ નવસારીની હોર્ટીકલ્ચર કોલેજ સાથે વઘઈની એગ્રીકલ્ચર કોલેજ, પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ સતત પાંચમાં વર્ષે ૧૦૦ ટકા પ્લેસમેન્ટ સાથે એબીએમ કોલેજ; જયારે પીએચ. ડી. કક્ષાએ નવસારીની એગ્રીકલ્ચર કોલેજનો દબદબો જોવા મળ્યો છે. યુનિવર્સિટીના પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીંગ હેડ તરીકે ૨૦૧૨ થી ટ્રેનીગ, પ્રોફેશનલ ગ્રુમીગ, કાઉન્સેલીંગ તથા ૯૦૦ થી વધુ કેમ્પસ ઈન્ટરવ્યુના આયોજન થકી ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને નોકરી અપાવવાની સફળ કામગીરી કરી રહેલ ડો. મેહુલ જી. ઠક્કરે વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટનો શ્રેય યુનિવર્સિટી ખાતે અપાતા ગુણવત્તાસભર શિક્ષણને આપ્યો હતો. આ સેલના માર્ગદર્શક વડા એવા ડાયનેમીક ડાયરેક્ટર ઓફ સ્ટુડન્ટ વેલ્ફેરપ્રોફેસર જયમીન આર. નાયકે જણાવ્યું હતું કે ગુજરાત સ્ટેટ ઈન્સ્ટીટયુશનલ રેન્કીગ ફ્રેમવર્કમાં યુનિવર્સિટીએ મેળવેલા "ફાઈવસ્ટાર રેટીગ" માં પણ "ગ્રેજ્યુએશન આઉટકમ એટલેકે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓના જોબપ્લેસમેન્ટ અને ઉચ્ચઅભ્યાસ" પેરામીટરમાં ૧૦૦ માંથી ૮૭.૯૫ નું સર્વોચ્ચ રેટીંગ આ સેલની સફળતાનો બોલતો પુરાવો છે.

# ફાઈવસ્ટાર સકસેસઃ કૃષિ યુનિવર્સિટીના એમબીએ વિદ્યાર્થીઓનું સતત પાંચમાં વર્ષે ૧૦૦ ટકા પ્લેસમેન્ટ

**• ૩૫ વિદ્યાર્થીઓ માટે GNFC, આઈપીએલ બાયોલોજીકલ્સ, સુમીન્ટર ઈન્ડિયા ઓર્ગેનીક્સ, ગોદરેજ, નિરમા, મહાય્કો, ફેડરલ બેંક, HDFC, ICICI સહીત રેકોર્ડબ્રેક ૬૫ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુ • લોકડાઉનના મુશ્કેલ સમયમાં સંસ્થાના ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર તરીકે પોતાની બીજી ઈનિંગમાં "ટર્નએરાઉન્ડ સ્પેશ્યાલીસ્ટ" ડો. મેહુલ જી. ઠક્કરે રચ્યો સુવર્ણમયી ઈતિહાસ**







**નિરવસિંહ પરમાર » વાંસદા**

વૈશ્વીકરણના સ્પર્ધાત્મક યુગમાં ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં અને ખાસ કરીને એમબીએ જેવા પ્રોફેશનલ કોર્ષમાં વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટ એક મહત્વનું અને સંવેદનશીલ પરિબળ ગણાય છે; ત્યારે ICAR એક્રેડીટેડ અને GSIRF નું ફાઈવસ્ટાર રેટીંગ ધરાવતી નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કાર્યરત ગુજરાતની સૌપ્રથમ અને સૌથી પ્રતિષ્ઠિત અસ્પી એગ્રીબીઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટના એમબીએના વિદ્યાર્થીઓનું સતત પાંચમાં વર્ષે ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટ થયું છે. આ વર્ષે ૧૭ મી બેચના ૩૫ વિદ્યાર્થીઓ માટે GNFC, આઈપીએલ બાયોલોજીકલ્સ, સુમીન્ટર ઈન્ડિયા ઓર્ગેનીક્સ, ગોદરેજ, નિરમા, મહાય્કો, ફેડરલ બેંક, HDFC, ICICI સહીત રેકોર્ડબ્રેક ૬૫ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુમાં ૧૬ લાખ સુધી જતો સર્વોચ્ચ પગાર ઓફર કરાયો હતો.

નોંધનીય છે કે, યુનિવર્સિટીમાં જોડાયાના બીજા જ દિવસથી; ૧ માર્ચ-૨૦૧૨ થી ૧૦ એપ્રિલ-૨૦૧૮ સુધી સંસ્થાના ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર તરીકે વિદ્યાર્થીઓના જોબ પ્લેસમેન્ટની મહત્વપૂર્ણ, સંવેદનશીલ અને માનસિક તણાવથી ભરેલ કામગીરી શ્રેષ્ઠતમ રીતે નિભાવીને ડો. મેહુલ જી. ઠક્કર સંસ્થાને પ્લેસમેન્ટમાં અગ્રીમ સ્થાન પર લઈ ગયા હતા. એપ્રિલ-૨૦૧૮ માં તેઓને આ પદેથી હટાવ્યા બાદ; વિદ્યાર્થીઓ માટે એમ્પ્લોયેબીલીટી એન્હાન્સમેન્ટ ટ્રેનીંગ પ્રોગ્રામ "કેમ્પસ ટુ કોર્પોરેટ" નું આયોજન ના થવું, પ્લેસમેન્ટ બ્રોશર પબ્લીશ ના થવા અને કેમ્પસ ઈન્ટરવ્યુમાં નોંધપાત્ર ઘટાડો થવાથી ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ એમ ત્રણ બેચની પ્લેસમેન્ટ પ્રક્રિયા ખોરંભે ચઢતા; વિદ્યાર્થીઓમાં માનસિક હતાશા વ્યાપી હતી. બાદમાં કોરોનાની વૈશ્વિક મહામારીને પરિણામે ડામાડોળ થયેલ અર્થવ્યવસ્થાના કપરા કાળમાં, વિદ્યાર્થીઓના પ્રોફેશનલ ગ્રુમીંગ તથા જોબ પ્લેસમેન્ટની સ્થિતિ સુધારવા સંસ્થાના સૌથી અનુભવી અને "લોન્ગેસ્ટ સર્વીંગ ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર" અને જૂન-૨૦૧૨ થી અત્યારપર્યંત સમગ્ર યુનિવર્સિટીના પણ "લોન્ગેસ્ટ સર્વીંગ પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીંગ હેડ" તરીકે કાર્યરત એવા ડો. મેહુલ જી. ઠક્કરની સંસ્થાના ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર પદે ૧ જુલાઈ-૨૦૨૦ થી ફરીવાર નિમણૂક કરાઈ હતી. લોકડાઉનના મુશ્કેલ સમયમાં પ્રતિકુળતાઓ વચ્ચે પણ તેઓએ કોરોનાકાળને પ્રતીબીમ્બીત કરતા "માસ્કવાળા ટાઈટલ પેજ સાથે ઈનોવેટીવ પ્લેસમેન્ટ બ્રોશર-૨૦૨૧" બનાવીને માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે તેનું વિમોચન કરાવીને, ત્યારસુધીના તમામ રેકોર્ડ તોડીને સર્વોચ્ચ ૨૪ ઈન્ટરવ્યુનું આયોજન કરીને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ કરાવ્યું હતું. પછી તો પોતાની "ટર્નએરાઉન્ડ સ્પેશ્યાલીસ્ટ" તરીકેની છબીને અનુરૂપ ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪માં પણ તેઓએ નવો માઈલસ્ટોન મેળવતા સર્વોચ્ચ ૬૪ ઈન્ટરવ્યુમાં ૧૦૦ ટકા પ્લેસમેન્ટ કરાવીને સંસ્થાની પ્લેસમેન્ટની ગાડી પાછી સડસડાટ દોડાવી હતી. હવે સતત પાંચમાં વર્ષે ૨૦૨૫માં સીમાચિન્હ રૂપ "ફાઈવસ્ટાર સકસેસ" મેળવીને તેઓએ નવો રેકોર્ડ અંકિત કરતા સર્વોચ્ચ ૬૫ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૧૦૦ ટકા પ્લેસમેન્ટનો લક્ષ્યાંક હાંસલ કરતા વિદ્યાર્થીઓ ખુશાખુશાલ જોવા મળી રહ્યા છે.

એમબીએ ટીચીંગમાં ૨૨.૫ વર્ષનો અને ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટમાં ૧૯ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા એચઆરડી તજજ્ઞ ડો. મેહુલ જી. ઠક્કરના જણાવ્યા મુજબ ઊંચા પગાર સાથે થઈ રહેલું વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ અમારી સંસ્થા ખાતે અપાતા ગુણવત્તાસભર શિક્ષણનો બોલતો પુરાવો છે. આચાર્યશ્રી ડો. જયેશ જે. પસ્તાગીયાના જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓની મહેનત, તજજ્ઞ શિક્ષકગણનું સચોટ માર્ગદર્શન, ડો. મેહુલ જી. ઠક્કરની દિવસ-રાત જોયા વગરની ૨૪*૭*૩૬૫ સમર્પિત સેવાઓ અને ડાયનેમીક ડાયરેક્ટર ઓફ સ્ટુડન્ટ વેલ્ફેર પ્રોફેસર જયમીન આર. નાયકના સહયોગથી

**વિદ્યાર્થીઓના સુપર જોબ પ્લેસમેન્ટના આંકડાઓ**

| વર્ષ | પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુ | પ્લેસમેન્ટના ટકા | સર્વોચ્ચ પગાર |
|---|---|---|---|
| ૨૦૨૫ | ૬૫ | ૧૦૦ | ૧૬.૦૦ લાખ |
| ૨૦૨૪ | ૬૪ | ૧૦૦ | ૯.૦૦ લાખ |
| ૨૦૨૩ | ૫૪ | ૧૦૦ | ૪.૮૩ લાખ |
| ૨૦૨૨ | ૪૪ | ૧૦૦ | ૭.૬૪ લાખ |
| ૨૦૨૧ | ૨૪ | ૧૦૦ | ૪.૫૦ લાખ |
| ૨૦૨૦ | ૩ | ૩૧.૮૧ | ૪.૦૦ લાખ |
| ૨૦૧૯ | ૨ | ૩૯.૨૯ | ૪.૯૭ લાખ |
| ૨૦૧૮ | ૧૦ | ૫૪.૫૫ | ૫.૬૨ લાખ |
| ૨૦૧૭ | ૨૦ | ૮૮.૨૪ | ૬.૫૦ લાખ |
| ૨૦૧૬ | ૧૯ | ૮૬.૩૬ | ૩.૯૮ લાખ |
| ૨૦૧૫ | ૨૦ | ૯૦ | ૮.૬૦ લાખ |
| ૨૦૧૪ | ૨૦ | ૮૦.૭૭ | ૪.૦૨ લાખ |
| ૨૦૧૩ | ૧૭ | ૧૦૦ | ૫.૧૧ લાખ |
| ૨૦૧૨ | ૧૧ | ૭૦.૮૩ | ૪.૮૦ લાખ |

સંસ્થા કેમ્પસ પ્લેસમેન્ટમાં નવા કીર્તિમાન રચી રહી છે.

આકર્ષક પગાર સાથે જોબ પ્લેસમેન્ટ મેળવનાર "સુપર સીક્સ સ્કોલર્સ" એવા કોલેજના જી.એસ., સ્ટુડન્ટ લીડર ઓફ પ્લેસમેન્ટ કમિટી, સ્ટુડન્ટ ઓરીએન્ટેશન કોર્ડીનેટર, સ્ટુડન્ટ એડિટર ઓફ ઈન્સ્ટીટયુટ મેગેઝીન જેવી જવાબદારીઓ નિભાવનાર અને ડો. ઠક્કરના માર્ગદર્શન હેઠળ ત્રીજા સેમેસ્ટરમાં જ યુજીસી-નેટની પરીક્ષા ૯૮.૧૧ પર્સંટાઈલના ઊંચા સ્કોર સાથે પાસ કરીને ઈતિહાસ રચનાર બહુઆયામી વ્યક્તિત્વ ઋતિક જોશી; તથા ઈન્ટરનેશનલ એક્ષ્પોઝર ધરાવતા એકમાત્ર વિદ્યાર્થી જય ગોરસીયા સાથે ભાવિક જોશી, પાર્થ કાનપરીયા, મહર્ષી મીઠાપરા અને ભાર્ગવ રાઠોડે વૈશ્વિક સ્તરના શૈક્ષણિક વાતાવરણ, એમ્પ્લોયેબીલીટી એન્હાન્સમેન્ટ અને પાવરફુલ પ્રી-પ્લેસમેન્ટ પ્રીપેરેટરી ટ્રેનીંગ મોડ્યુલ "કેમ્પસ ટુ કોર્પોરેટ" ની સઘન તાલીમ તથા યુનિવર્સિટીની સેન્ટ્રલાઈઝડ સુગઠિત પ્લેસમેન્ટ પ્રક્રિયાને શ્રેય આપ્યો છે. વાઈબ્રન્ટ વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી અને સમગ્ર યુનિવર્સિટીના પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીંગ સેલના ચેરમેન પ્રોફેસર જયમીન આર. નાયકે ૨૦૨૬માં માટે શુભેચ્છાઓ આપવા સાથે સંપૂર્ણ સહકારની પ્રતિબદ્ધતા જાહેર કરી હતી.

# ફાઈવસ્ટાર સકસેસઃ કૃષિ યુનિવર્સિટીના એમબીએ વિદ્યાર્થીઓનું સતત પાંચમાં વર્ષે ૧૦૦ ટકા પ્લેસમેન્ટ

## ૩૫ વિદ્યાર્થીઓ માટે GNFC, આઈપીએલ બાયોલોજીકલ્સ, સુમીન્ટર ઈન્ડિયા ઓર્ગેનીક્સ, ગોદરેજ, નિરમા, મહાપ્કો, ફેડરલ બેંક, HDFC, ICICI સહીત રેકોર્ડબ્રેક ૬૫ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુ

## લોકડાઉનના મુશ્કેલ સમયમાં સંસ્થાના ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર તરીકે પોતાની બીજી ઈનિંગમાં “ટર્નએરાઉન્ડ સ્પેશ્યાલીસ્ટ” ડો. મેહુલ જી. ઠક્કરે રચ્યો સુવર્ણમયી ઈતિહાસ








**વિદ્યાર્થીઓના સુપર જોબ પ્લેસમેન્ટના આંકડાઓ**

| વર્ષ | પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુ | પ્લેસમેન્ટના ટકા | સર્વોચ્ચ પગાર |
|---|---|---|---|
| ૨૦૨૫ | ૬૫ | ૧૦૦ | ૧૬.૦૦ લાખ |
| ૨૦૨૪ | ૬૪ | ૧૦૦ | ૯.૦૦ લાખ |
| ૨૦૨૩ | ૫૪ | ૧૦૦ | ૪.૮૩ લાખ |
| ૨૦૨૨ | ૪૪ | ૧૦૦ | ૭.૯૪ લાખ |
| ૨૦૨૧ | ૨૪ | ૧૦૦ | ૪.૫૦ લાખ |
| ૨૦૨૦ | ૩ | ૩૧.૮૧ | ૪.૦૦ લાખ |
| ૨૦૧૯ | ૨ | ૩૯.૨૯ | ૪.૯૭ લાખ |
| ૨૦૧૮ | ૧૦ | ૫૪.૫૫ | ૫.૬૨ લાખ |
| ૨૦૧૭ | ૨૦ | ૮૮.૨૪ | ૬.૫૦ લાખ |
| ૨૦૧૬ | ૧૯ | ૮૬.૩૬ | ૩.૯૮ લાખ |
| ૨૦૧૫ | ૨૦ | ૯૦ | ૮.૬૦ લાખ |
| ૨૦૧૪ | ૨૦ | ૮૦.૭૭ | ૪.૦૨ લાખ |
| ૨૦૧૩ | ૧૭ | ૧૦૦ | ૫.૧૧ લાખ |
| ૨૦૧૨ | ૧૧ | ૭૦.૮૩ | ૪.૮૦ લાખ |

**(બદલતા ભારત દૈનિક)** વૈશ્વીકરણના સ્પર્ધાત્મક યુગમાં ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં અને ખાસ કરીને એમબીએ જેવા પ્રોફેશનલ કોર્ષમાં વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટ એક મહત્વનું અને સંવેદનશીલ પરિબળ ગણાય છે; ત્યારે ICAR એક્રેડીટેડ અને GSIRF નું ફાઈવસ્ટાર રેટીગ ધરાવતી નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કાર્યરત ગુજરાતની સૌપ્રથમ અને સૌથી પ્રતિષ્ઠિત અસ્પી એગ્રીબીઝ્નેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટના એમબીએના વિદ્યાર્થીઓનું સતત પાંચમાં વર્ષે ૧૦૦ટકા જોબ પ્લેસમેન્ટ થયું છે. આ વર્ષે ૧૭ મી બેચના ૩૫ વિદ્યાર્થીઓ માટે GNFC, આઈપીએલ બાયોલોજીકલ્સ, સુમીન્ટર ઈન્ડિયા ઓર્ગેનીક્સ, ગોદરેજ, નિરમા, મહાપ્કો, ફેડરલ બેંક, HDFC, ICICI સહીત રેકોર્ડબ્રેક ૬૫ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યુમાં ૧૬ લાખ સુધી જતો સર્વોચ્ચ પગાર ઓફર કરાયો હતો.

નોંધનીય છે કે, યુનિવર્સિટીમાં જોડાયાના બીજા જ દિવસથી; ૧ માર્ચ-૨૦૧૨ થી ૧૦ એપ્રિલ-૨૦૧૮ સુધી સંસ્થાના ટ્રેનીગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર તરીકે વિદ્યાર્થીઓના જોબ પ્લેસમેન્ટની મહત્વપૂર્ણ, સંવેદનશીલ અને માનસિક તણાવથી ભરેલ કામગીરી શ્રેષ્ઠતમ રીતે નિભાવીને ડો. મેહુલ જી. ઠક્કર સંસ્થાને પ્લેસમેન્ટમાં અગ્રીમ સ્થાન પર લઈ ગયા હતા. એપ્રિલ-૨૦૧૮ માં તેઓને આ પદેથી હટાવ્યા બાદ; વિદ્યાર્થીઓ માટે એમ્પ્લોયેબીલીટી એન્હાન્સમેન્ટ ટ્રેનીગ પ્રોગ્રામ “કેમ્પસ ટુ કોર્પોરેટ” નું આયોજન ના થવું, પ્લેસમેન્ટ બ્રોશર પબ્લીશ ના થવા અને કેમ્પસ ઈન્ટરવ્યુમાં નોંધપાત્ર ઘટાડો થવાથી ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ એમ ત્રણ બેચની પ્લેસમેન્ટ પ્રક્રિયા ખોરંભે ચઢતા; વિદ્યાર્થીઓમાં માનસિક હતાશા વ્યાપી હતી. બાદમાં કોરોનાની વૈશ્વિક મહામારીને પરિણામે ડામાડોળ થયેલ અર્થવ્યવસ્થાના કપરા કાળમાં, વિદ્યાર્થીઓના પ્રોફેશનલ ગ્રુમીગ તથા જોબ પ્લેસમેન્ટની સ્થિતિ સુધારવા સંસ્થાના સૌથી અનુભવી અને “લોન્ગેસ્ટ સવ'ગ ટ્રેનીગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર” અને જૂન-૨૦૧૨ થી અત્યારપર્યંત સમગ્ર યુનિવર્સિટીના પણ “લોન્ગેસ્ટ સવ'ગ પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીગ હેડ” તરીકે કાર્યરત એવા ડો. મેહુલ જી. ઠક્કરની સંસ્થાના ટ્રેનીગ એન્ડ પ્લેસમેન્ટ ઓફીસર પદે ૧ જુલાઈ-૨૦૨૦ થી ફરીવાર નિમણૂક કરાઈ હતી. લોકડાઉનના મુશ્કેલ સમયમાં પ્રતિકુળતાઓ વચ્ચે પણ તેઓએ કોરોનાકાળને પ્રતીબીમ્બીત કરતા “માસ્કવાળા ટાઈટલ પેજ સાથે ઈનોવેટીવ પ્લેસમેન્ટ બ્રોશર-૨૦૨૧” બનાવીને માનનીય રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીના વરદ હસ્તે તેનું વિમોચન કરાવીને, ત્યારસુધીના તમામ રેકોર્ડ તોડીને સર્વોચ્ચ ૨૪ ઈન્ટરવ્યુનું આયોજન કરીને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ કરાવ્યું હતું. પછી તો પોતાની “ટર્નએરાઉન્ડ સ્પેશ્યાલીસ્ટ” તરીકેની છબીને અનુરૂપ ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪માં પણ તેઓએ નવો માઈલસ્ટોન મેળવતા સર્વોચ્ચ ૬૪ ઈન્ટરવ્યુમાં ૧૦૦ટકા પ્લેસમેન્ટ કરાવીને સંસ્થાની પ્લેસમેન્ટની ગાડી પાછી સડસડાટ દોડાવી હતી. હવે સતત પાંચમાં વર્ષે ૨૦૨૫માં સીમાચિન્હ રૂપ “ફાઈવસ્ટાર સકસેસ” મેળવીને તેઓએ નવો રેકોર્ડ અંકિત કરતા સર્વોચ્ચ ૬૫ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૧૦૦ ટકા પ્લેસમેન્ટનો લક્ષ્યાંક હાંસલ કરતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે.

એમબીએ ટીચીગમાં ૨૨.૫ વર્ષનો અને ટ્રેનીગ એન્ડ પ્લેસમેન્ટમાં ૧૯ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા એચઆરડી તજજ્ઞ ડો. મેહુલ જી. ઠક્કરના જણાવ્યા મુજબ ઊંચા પગાર સાથે થઈ રહેલું વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ અમારી સંસ્થા ખાતે અપાતા ગુણવત્તાસભર શિક્ષણનો બોલતો પુરાવો છે. આચાર્યશ્રી ડો. જયેશ જે. પસ્તાગીયાના જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓની મહેનત, તજજ્ઞ શિક્ષકગણનું સચોટ માર્ગદર્શન, ડો. મેહુલ જી. ઠક્કરની દિવસ-રાત જોયા વગરની 24*7*365 સમર્પિત સેવાઓ અને ડાયનેમીક ડાયરેક્ટર ઓફ સ્ટુડન્ટ વેલ્ફેર પ્રોફેસર જયમીન આર. નાયકના સહયોગથી સંસ્થા કેમ્પસ પ્લેસમેન્ટમાં નવા કીર્તિમાન રચી રહી છે.

આકર્ષક પગાર સાથે જોબ પ્લેસમેન્ટ મેળવનાર “સુપર સીક્સ સ્કોલર્સ” એવા કોલેજના જી.એસ., સ્ટુડન્ટ લીડર ઓફ પ્લેસમેન્ટ કમિટી, સ્ટુડન્ટ ઓરીએન્ટેશન કોર્ડીનેટર, સ્ટુડન્ટ એડિટર ઓફ ઈન્સ્ટીટયુટ મેગેઝીન જેવી જવાબદારીઓ નિભાવનાર અને ડો. ઠક્કરના માર્ગદર્શન હેઠળ ત્રીજા સેમેસ્ટરમાં જ યુજીસી-નેટની પરીક્ષા ૯૮.૧૧ પર્સંટાઈલના ઊંચા સ્કોર સાથે પાસ કરીને ઈતિહાસ રચનાર બહુઆયામી વ્યક્તિત્વ ઋતિક જોશી; તથા ઈન્ટરનેશનલ એક્ષ્પોઝર ધરાવતા એકમાત્ર વિદ્યાર્થી જય ગોરસીયા સાથે ભાવિક જોશી, પાર્થ કાનપરીયા, મહર્ષી મીઠાપરા અને ભાર્ગવ રાઠોડે વૈશ્વિક સ્તરના શૈક્ષણિક વાતાવરણ, એમ્પ્લોયેબીલીટી એન્હાન્સમેન્ટ અને પાવરફુલ પ્રી-પ્લેસમેન્ટ પ્રીપેરેટરી ટ્રેનીગ મોડ્યુલ “કેમ્પસ ટુ કોર્પોરેટ” ની સઘન તાલીમ તથા યુનિવર્સિટીની સેન્ટ્રલાઈઝડ સુગઠિત પ્લેસમેન્ટ પ્રક્રિયાને શ્રેય આપ્યો છે. વાઈબ્રન્ટ વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી અને સમગ્ર યુનિવર્સિટીના પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલીગ સેલના ચેરમેન પ્રોફેસર જયમીન આર. નાયકે ૨૦૨૬માં માટે શુભેચ્છાઓ આપવા સાથે સંપૂર્ણ સહકારની પ્રતિબદ્ધતા જાહેર કરી હતી.